# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૩
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગવારા ટાવર પાસે જુની શાક મારકેટ શોપીગ સેન્ટરની મીલકત નંબર. ૯૦૯૦૨ વાળી ઈન્ડીયન ઓવરસીઝ બેંકને ભાડેથી આપેલ છે તેનો ભાડા કરાર તારીખ.૧૯–૧૦–૨૦૧૪ ના રોજ પુર્ણ થતાં બેંકે ભાડાનો કરાર રીન્યુ માટે તારીખ.૦૬–૦૪–૨૦૧૫ના રોજ અરજી આપેલ હતી તેના જવાબમાં નગરપાલિકાએ સુ.જા.નં. ૮૦૫૧ તારીખ.૦૯–૦૩–૨૦૧૬ થી (૧) તારીખ.૧૯–૧૦–૨૦૧૪ થી – અંગ્રેજી દસ(૧૦)વર્ષ માટે માસીક ભાડામાં ૫૦ ટકાનો વધારો (તારીખ.૧૮–૧૦–૨૦૧૪ ના રોજ રૂપીયા.૧૨,૦૦૦/– ભાડુ હતું તેમાં વધારો)(૨) દર બે વર્ષે બાદ માસીક ભાડામાં ૧૦ ટકાનો વધારો (૩) નગરપાલિકાના તમામ ટેક્ષ તથા કેન્દ્ર/રાજય સરકારશ્રીના તમામ ટેક્ષ ભરવાનો રહેશે (૪) ભાડે આપેલ મીલકતમાં રીપેરીગ કામ રંગ કામ વિગેરે ખર્ચ સ્વ ખર્ચે કરવાનો રહેશે. (૫) સર્વીસ ટેક્ષ તા.૦૧–૦૪–૨૦૦૭ થી તા.૩૧–૦૩–૨૦૧૬ સુધીનો ટેક્ષના સ્લેબ મુજબ ગણત્રી થાય તે પેનલ્ટી સાથે બેંકે આપવાનો રહેશે તે શરતો પ્રમાણે ભાડા પટ્ટો રીન્યુ કરવા નગરપાલિકા કાર્યવાહી કરશે તે મુજબ પત્ર લખેલ હતો.

ત્યારબાદ બેંક તરફથી તારીખ.૨૦–૦૭–૨૦૧૬ના રોજ નગરપાલિકાએ જે શરતો રીન્યુ કરવા જણાવેલ તેમાં બેંક (૧) માસીક ભાડામાં ૫૦ ટકાનો વધારો આપવા સંમત છે (તારીખ.૧૮–૧૦–૨૦૧૪ના રોજ માસીક ભાડામાં વધારો રૂપીયા.૬૦૦૦/– થતાં કુલ રૂપીયા.૧૮,૦૦૦/– માસીક ભાડુ થશે.

(૨) સદર ભાડાનો કરાર તારીખ.૧૯–૧૦–૨૦૧૪થી અંગ્રેજી દસ(૧૦)વર્ષ માટે રહેશે.

(૩) દર બે વર્ષ બાદ માસીક ભાડામાં દસ (૧૦) ટકાનો વધારો.

(૪) લાઈટ, ગટર, પાણી, સર્વીસ ટેક્ષ ભરવા બેંકે સંમત થયેલ છે તે તા.૧૯–૧૦–૨૦૧૪ તે મુજબ ભાડામાં વધારો ગણવા અને તે મુજબ ભાડુ ગણતાં બાકી ભાડાનો રકમ વસુલ કરવા અને ઈન્ડીયન ઓવરસીઝ બેક ને નીચે જણાવેલ શરતોથી ભાડા પટ્ટો રીન્યુ કરવા ઠરાવવામાં આવે છે.

શરતો

(૧) માસીક ભાડુ રૂપીયા. ૧૮,૦૦૦/– અંકે રૂપીયા અઢાર હજાર પુરા દર માસે ભરવાના રહેશે.

(૨) દર બે વર્ષ બાદ માસીક ભાડામાં ૧૦ ટકાનો વધારો આપવાનો રહેશે.

(૩) તારીખ.૧૯–૧૦–૨૦૧૪ થી તારીખ.૧૮–૧૦–૨૦૨૪ સુધી અંગ્રેજી દસ(૧૦) નો રહેશે.

(૪) નગરપાલિકાના પાણી, ગટરના ટેક્ષ તથા કેન્દ્ર સરકાર શ્રી / રાજય સરકાર શ્રીના તથા સર્વીસ ટેક્ષ ઈન્ડીયન ઓવરસીઝ બેંકે ભરવાના રહેશે.

(૫) ભાડે આપેલ મીલકતમાં લાઈટ, પાણી, રીપેરીંગ રંગ કામ વિગેરે તમામ ખર્ચ ઈન્ડીયન ઓવરસીઝ બેંકે પોતે સ્વ ખર્ચે કરવાનો રહેશે તે અંગે નગરપાલિકાની અગાઉથી મંજુરી મેળવવાની રહેશે.

(૬) આ સિવાય તમામ અન્ય શરતો અગાઉના ભાડા કરાર મુજરની રહેશે.

(૭) ભાડા કરાર કરવાનો સ્ટેમ્પના રૂપીયા.૩૦૦૦/– તથા રૂપીયા.૧૦૦૦/– વકીલ ફી, ટાઈપ ખર્ચ વિગેરે બેંકે ભોગવવાના રહેશે. (જેમાં રૂપીયા. ૨૦૦૦/–નો સ્ટેમ્પ નગરપાલિકા પાસે રહેશે જયારે તેનો કાઉન્ટર પાર્ટ રૂપીયા.૧૦૦૦/– નો સ્ટેમ્પ ઈન્ડીયન ઓવરસીઝ બેંક, ખંભાત પાસે રહેશે)

(૮) આ ભાડા કરાર કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૪
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગવારા ટાવર પાસે નગરપાલિકા શોપીગ સેન્ટરની મીલકત નંબર. એફ.૧૧૨૫/૦૧–૨ વાળી દેનાબેંકને ભાડેથી આપેલ છે તેનો ભાડા કરાર તારીખ.૧૪–૦૪–૨૦૧૬ ના રોજ પુર્ણ થતાં બેંકે ભાડાનો કરાર રીન્યુ માટે તારીખ. ૦૮–૦૩–૨૦૧૬ના રોજ અરજી આપેલ હતી તેના જવાબમાં નગરપાલિકાએ સુ.જા.નં. ૮૦૫૦ તારીખ.૦૯–૦૩–૨૦૧૬ થી (૧) તારીખ.૦૧–૦૪–૨૦૧૬ થી અંગ્રેજી દસ (૧૦) વર્ષ માટે માસીક ભાડામાં ૫૦ ટકાનો વધારો (તારીખ.૩૧–૦૩–૨૦૧૬ના રોજ રૂપીયા.૬૦૦૦/– ભાડુ હતું તેમાં)(૨) દર બે વર્ષે બાદ માસીક ભાડામાં ૧૦ ટકાનો વધારો (૩) નગરપાલિકાના તમામ ટેક્ષ તથા કેન્દ્ર/રાજય સરકારશ્રીના તમામ ટેક્ષ ભરવાની શરતો પ્રમાણે ભાડા પટ્ટો રીન્યુ કરવા નગરપાલિકા કાર્યવાહીકરશે તે મુજબ પત્ર લખેલ હતો.

ત્યારબાદ તેઓ એ તારીખ.૩૦–૦૬–૨૦૧૩ના રોજ નગરપાલિકાએ જે શરતો એ રીન્યુ કરવા જણાવેલ તેમાં બેંકે (૧) માસીક ભાડામાં ૫૦ ટકા વધારો અંગ્રેજી દસ (૧૦) વર્ષ માટે મંજુર રાખેલ (૨) નગરપાલિકા તમામ ટેક્ષ તથા કેન્દ્ર / રાજય સરકારના તમામ ટેક્ષ મંજુર રાખેલ છે બે કે પાંચ વર્ષ બાદ માસીક ભાડામાં ૨૦ ટકાનો વધારો મંજુર રાખેલ છે. તે મુજબ ભાડામાં વધારો ગણવા અને તે મુજબ ભાડુ ગણતા બાકી ભાડાની રકમ વસુલ કરવા અને દેના બેંકને નીચે જણાવેલ શરતોથી પટ્ટો રીન્યુ કરવા ઠરાવવામાં આવે છે.

શરતો

(૧) તારીખ.૦૧–૦૪–૨૦૧૬ થી અંગ્રેજી દસ (૧૦) વર્ષ માટે.

(૨) માસીક ભાડુ તારીખ.૩૧–૦૩–૨૦૧૬ના રોજ રૂપીયા. ૬૦૦૦/– અંકે રૂપીયા છ હજાર હતું તેમાં ૫૦ ટકાનો વધારો કરતાં રૂપીયા. ૯૦૦૦/– અંકે રૂપીયા નવ હજાર પુરા દર માસે ભરવાના રહેશે.

(૩) નગરપાલિકાના તમામ ટેક્ષ તથા કેન્દ્ર સરકાર શ્રી / રાજય સરકાર શ્રીના તમામ ટેક્ષ દેના બેંકે ભરવાના રહેશે.

(૪) અંગ્રેજી પાંચ વર્ષ બાદ માસીક ભાડામાં ૨૦ (વીસ) ટકાનો વધારો ભરવાનો રહેશે.

(૫) ભાડે આપેલ મીલકતમાં લાઈટ, પાણી, રીપેરીગ રંગ કામ વિગેરે તમામ ખર્ચ દેના બેંકે પોતે સ્વ ખર્ચે કરવાનો રહેશે તે અંગે નગરપાલિકાની અગાઉથી મંજુરી મેળવવાની રહેશે.

(૬) આ સિવાય તમામ અન્ય શરતો અગાઉના ભાડા કરાર મુજરની રહેશે.

(૭) ભાડા કરાર કરવાનો સ્ટેમ્પના રૂપીયા.૩૦૦૦/– તથા રૂપીયા.૧૦૦૦/– વકીલ ફી, ટાઈપ ખર્ચ વિગેરે બેંકે ભોગવવાના રહેશે. (જેમાં રૂપીયા. ૨૦૦૦/–નો સ્ટેમ્પ નગરપાલિકા પાસે રહેશે જયારે તેનો કાઉન્ટર પાર્ટ રૂપીયા.૧૦૦૦/– નો સ્ટેમ્પ દેના બેક, ખંભાત પાસે રહેશે)

(૮) આ ભાડા કરાર કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૫
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે છેલ્લા વર્ષોથી ખંભાતમાં દિવાળીના સમયમાં ખંભાત ઠે. માદળા તળાવ પાસે આવેલ ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળાનું આયોજન થતું આવેલ છે અને તે મુજબ ચાલુ સાલે તા.૨૬–૧૦–૨૦૧૬ થી તા.૧૪–૧૧–૨૦૧૬ સુધી દિવાળી સમય દરમ્યાન સદર ચકડોળ ગ્રાઉન્ડ નીચેની શરતોએ જાહેર હરાજીથી રૂપીયા.૨૦,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. વીસ લાખ પુરા માટેની અપ સેટ કીંમતે રાખવા ઠરાવવામાં આવે છે.

### હરાજીની શરતો.

(૧) હરાજીમાં ભાગ લેવા માટે રૂા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપીયા. એક લાખ પચાસ હજાર પુરા ડીપોઝીટ તારીખ.૨૩–૦૯–૨૦૧૬ ના બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ઓફીસ સમય દરમ્યાન ખંભાત નગરપાલિકામાં રોકડેથી ભરવાની રહેશે.

(૨) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ નગરપાલીકા હસ્તકની જ જગ્યા હંગામી ધોરણે મેળાના દિવસો દરમ્યાન મેળાના આયોજન માટે વાપરવા આપવા નોન–રીફંન્ડેબલ પ્રિમિયમ લાયસન્સ ફી ની અપસેટ કીંમત રૂા.૨૦,૦૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ લાખ પુરા ઠરાવવામાં આવે છે. અને તેનાથી ઉપરની બોલી રૂપીયા ૧૫,૦૦૦/– પંદર હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ ની જગ્યા તા.૨૬/૧૦/૨૦૧૬ થી થી તા.૧૪/૧૧/૨૦૧૬ એટલે કે (આસો વદ–૧૧ થી કારતક સુદ–૧૫) સુધી ૨૦(વીસ) દિવસ માટે મેળાના દિવસો સુધી લાયસન્સ ફી થી વાપરી શકાશે.

(૪) હરાજીમાં સૌથી ઉચી બોલી બોલનાર ને જગ્યા (ગ્રાઉન્ડ) ફાળવવી કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકાનો રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૫) હરાજીમાં જે ઉચી બોલીની રકમ મંજુર થાય તે બોલી ની ૬૦% બોલીની રકમ મંજુર થયે હરાજી પુરી થયે તુરત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે અને બાકીની ૪૦% રકમ હંગામી વીજ જોડાણ માટે એન.ઓ.સી. આપતી વખતે નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. એટલે કે હરાજીની બોલી મંજુર થયેલ પુરેપુરી રકમ એન.ઓ.સી.આપતી વખતે જ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ નગરપાલિકા તરફથી મેળાના આયોજન માટે જગ્યાનો કબજો આપવામાં આવશે.

(૬) હરાજીમાં બોલીની મંજુર થયેલ પુરેપુરી રકમ દરેક તબકકે રોકડેથી (કેશ) નગર–પાલિકામાં જમા કરાવવાની રહેશે.

(૭) હરાજીમાં મંજુર કરેલ બોલીની પુરેપુરી રકમ શરત (૫) તથા શરત (૬) માં જણાવ્યા મુજબ નગરપાલિકામાં જમા કરાવવામાં ચુક થશે તો દિવાળી મેળાના આયોજન માટેની જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને હરાજીની બોલી માટે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૮) હરાજીમાં સૌથી ઉંચી બોલી જેની મંજુર કરવામાં આવે તેઓ હરાજીની શરતો મુજબ બોલીની પુરેપુરી રકમ નગરપાલિકામાં નહી ભરે તો તેની બોલી રદ કરવામાં આવશે અને તે સંજોગોમાં સદર જગ્યા અન્યને ફાળવવા માટે રકમ નકકી કરવાનો કે ફાળવણી કરવાનો નિર્ણય નગરપાલિકા કરશે.

(૯) મેળાની શરૂઆત પહેલા પ્રવર્તમાન સરકારી કાયદા મુજબ નકકી કરેલા જરૂરી પરવાના લાયસન્સ વિગેરે જે તે ઓથોરીટી પાસે મેળવી લેવાની જવાબદારી મેળાના આયોજન માટે ગ્રાઉન્ડ રાખનારની રહેશે.

(૧૦) મેળાના દિવસો અને મેળાના સમય દરમ્યાન મેળામાં ભાગ લેનાર ગ્રાહકો – પ્રજાજનોની સલામતીની સંપુર્ણ જવાબદારી ગ્રાઉન્ડ રાખનારની રહેશે. અને તે માટે ગ્રાઉન્ડ રાખનારે જરૂરી આયોજન કરવાનું રહેશે.

(૧૧) મનોરંજનની આઈટમો ગ્રાઉન્ડ ઉપર ગોઠવવા માટે જગ્યામાં જે કોઈ લેવલીંગ વિગેરે અનુકુળતા મુજબ કરવાની જવાબદારી જગ્યા ભાડે રાખનારની રહેશે. અને તે અંગેનો કોઈ જ ખર્ચ નગરપાલિકા ભોગવશે નહીં. તથા મેળો પુરો થયેથી ગ્રાઉન્ડ જે તે પરિસ્થિતિમાં હતું તે મુજબ લેવલીંગ કરી આપવાનું રહેશે.

(૧૨) ચકડોળ ગ્રાઉન્ડ સિવાય બાકીની જમીન પર મનોરંજનની આઈટમ અગર અન્ય સ્ટોલ લાગવી શકાશે નહીં.

(૧૩) ફી જેની બોલી મંજુર થઈ હશે તેમણે ભરેલ રૂપીયા.૧,૫૦,૦૦૦/– ડીપોઝીટની રકમ કારતક સુદ–૧૫ (પૂનમ)પછી મેળો પુરો થયા પછી પરત કરવામાં આવશે.

(૧૪) ચકડોળ ગ્રાઉન્ડમાં વચ્ચેના ભાગે પાણીની લારીઓ તથા અન્ય લારી ગલ્લાઓ માટે ૨૦ (વીસ) ની સંખ્યામાં જગ્યા રાખવાની રહેશે. તેમજ જાહેર જનતાને બેસવા માટેની જગ્યા પણ રાખવાની રહેશે. આ મુજબની જરૂરી સુચનાઓ નગરપાલિકા તરફથી આપવામાં આવશે તે મુજબ વર્તવાનું રહેશે.

(૧૫) ચકડોળ ગ્રાઉન્ડમાં મનોરંજનની આઈટમો તથા વચ્ચેના ભાગે લારી ગલ્લા ઉભા રાખવાની તથા બેસવાની જગ્યા વચ્ચે જાહેર જનતાની અવર જવર માટે ૪૦ફુટના રસ્તાની જગ્યા રાખવાની રહેશે.

(૧૬) કાયદાથી પ્રતિબંધિત કે જુગાર સટ્ટા કે અશ્લીલ આઈટમો સદર જગ્યામાં ગોઠવવા કે પ્રતિબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે દુકાન કે સ્ટોલ કરી શકાશે નહીં.

(૧૭) મેળાની શરૂઆત થતાં પહેલા રાજય સરકાર કે ઉપલી ઓથોરીટી તરફથી આ મેળાના આયોજન માટે મનાઈ ફરમાવવામાં આવે કે રદ કરવામાં હુકમ કરવામાં આવે તેવા સંજોગોમાં જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં.

(૧૮) મેળાની શરૂઆત થઈ ગયા પછી અધવચ્ચે શરત (૧૫) માં જણાવ્યા મુજબની પરિસ્થિતિમાં ભાડાની નકકી થયેલ રકમનો (શરત–૩ મુજબના) મેળાના દિવસો દીઠ ગણતરી કરીને ભાડાની ગણતરી કરી નિકાલ કરવામાં આવશે.

(૧૯) ચકડોળ ગ્રાઉન્ડની જગ્યામાં સલામતીની વ્યવસ્થાના કામે નગરપાલિકાના ફાયર ફાઈટર ઉભુ રાખવા તથા સ્ટાફ માટની જગ્યા નગરપાલિકા માટે અનામત રાખવાની રહેશે.

(૨૦) ચકડોળ ગ્રાઉન્ડ રાખનાર વ્યકિતઓએ આવા મેળા કરેલ હોય તેના પ્રમાણપત્રો (ખંભાત તથા અન્ય જગ્યાના) અનુભવના પત્રો રજુ કરવાના રહેશે.

(૨૧) મેળા દરમયાન આગ, અકસ્માત કે શોર્ટ સર્કીટ કે અન્ય કોઈપણ પ્રકારની જાન હાની કે નુકશાન ન થાય તેની સંપુર્ણ વ્યવસ્થા આયોજકે કરવાની રહેશે. આ પૈકી કોઈપણ બનાવ થાય તો તો તેની સંપુર્ણ જવાબદારી આયોજકની રહેશે.

(૨૨) હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાનું ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે તથા સરનામાનું પ્રુફ પણ રજુ કરવાનું રહેશે.

(૨૩) સરકારના કે કોર્ટના કોઈપણ હુકમના કારણે જો દિવાળી મેળાનું આયોજન કેન્સલ કરવું પડે (રદ કરવું પડે) કે કોઈ આસમાની સુલતાની (Act of God) થાય તો તેને માટે નગરપાલિકા જવાબદાર ગણાશે નહીં.

(૨૪) એચ–૧, એન–૧, ફલુ (સ્વાઈન ફલુ) ના વાયરસને અસરના કારણે જરૂરી લાગે તો આરોગ્ય વિભાગની પુર્વ મંજુરી મેળાના આયોજકોએ મેળવી લેવાની રહેશે તેમજ આ અંગેની જરૂરી સુવિધા તેમજ ડોકટરો વિગેરેની વ્યવસ્થા પણ જો કરવાની થાય તો તે આયોજકોએ પોતાના ખર્ચે કરવાની જવાબદારી રહેશે

(૨૫) આ ઉપર જણાવેલ તમામ શરતો પૈકીની કોઈપણ શરતમાં સુધારો વધારો કરવાની સત્તા નગરપાલિકાની એકઝીકયુટીવ કમીટીને રહેશે અને તે ઈજારદારે માન્ય – રાખવાની રહેશે.

ઉપરોકત શરતોએ જાહેર હરાજી કરવા માટે <u>નયા પડકાર તથા સંદેશ દૈનિક –</u> પેપરમાં જાહેરાત આપી અને તે અંગેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો તથા જાહેર હરાજીની સંપૂર્ણ કાર્યવાહી નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી તથા કમીટીના સભ્યોની હાજરીમાં થશે અને આખરી નિર્ણય માનનીય પ્રમુખશ્રી

અને ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટીનો રહેશે.

જાહેર હરાજી તારીખ.૨૩–૦૯–૨૦૧૬ ના રોજ બપોરના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા હોલમાં કરવામાં આવશે. જેથી જેઓ ભાગ લેવા માંગતા હોય તેઓ એ નિયત સમયમાં ડીપોઝીટ ભરી ભાગ લેવા જણાવવામાં આવે છે. ડીપોઝીટની રકમ તારીખ–૨૩–૦૯–૨૦૧૬ ના રોજ ઓફીસ સમય દરમ્યાન બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.નિયત સમય સુધીમાં ડીપોઝીટ નહીં ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે નહીં. અને ડીપોઝીટની ભરેલ રકમ દિન–૧૦ પછી પરત આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૬
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ખંભાત શહેરમાં ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી – સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાતનાકા સુધી દિવાળી મેળામાં હાથલારી, પાથરણા, સ્ટોલ દુકાન દ્વારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા માટે જાહેર હરાજીથી નીચે જણાવેલ શરતોથી આપવા નકકી કરવામાં આવે છે

(૧) ઈજારાની હરાજી ભાગ લેવા હરાજીના દિવસ સુધી બપોરના ૩–૦૦ સુધી રૂપીયા ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા ડીપોઝીટ મ્યુની. ઓફીસે જમા કરાવવાની રહેશે.

(૨) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હાથ–લારી, પાથરણા, સ્ટોલ, દુકાન વિગેરે ધ્વારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક – લાયસન્સ ફી ઉઘરાવવા અંગે તા.૨૬–૧૦–૨૦૧૬ થી તા.૧૪–૧૧–૨૦૧૬ સુધી હંગામી ઈજારાની અપસેટ કીંમત રૂપીયા ૨,૨૫,૦૦૦/– અંકે રૂપીયા. બે લાખ – પચ્ચીસ હજાર પુરા રાખવામાં આવેલ છે અને તે અંગેની બોલી રૂા.૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો તા.૨૬–૧૦–૨૦૧૬ થી તા.૧૪–૧૧–૨૦૧૬ સુધીનો જ રહેશે. ત્યાર બાદ ઈજારો રદ થયેલો ગણાશે.

(૪) દિવાળી મેળો હાથલારી વિગેરે અંગેના હંગામી ઈજારો રોજીંદા લાયસન્સ ફી કામની બુકો છપાવવાની જવાબદારી ઈજારેદારની રહેશે. ઈજારેદારે ઈજારાના કામ માટે વાપરવામાં આવનાર તમામ સ્ટેશનરીમાં સહી સિકકા નગરપાલિકાની ટેક્ષ વિભાગ માં કરાવ્યા બાદ જ તેને ઉપયોગમાં લેવાની રહેશે તે સિવાય ઉપયોગમાં લઈ શકાશે નહીં. આ કામે નગરપાલિકા તરફથી કોઈ કર્મચારી કે કોઈપણ જાતની સ્ટેશનરી કે કોઈ ઓફીસ કે સાધન સામગ્રી ફાળવવામાં આવશે નહીં.

(૫) દિવાળી મેળામાં હંગામી ઈજારદાર હાથલારી, પાથરણા, સ્ટોલ, દુકાન, અન્ય વેપાર કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી નીચે જણાવેલ પત્રક પ્રમાણે વસુલ કરવાની રહેશે. જેમાં હંગામી ઈજારદાર વધુ રકમ વસુલ કરી શકશે નહીં. અને જો તે ધ્યાન પર આવશે તો હંગામી ઈજારો નોટીસ આપ્યા સિવાય આપો આપ રદ કરી શકાશે.

| | | |
|---|---|---|
| (૧) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ સામે રૂપી હોટલ પાસેના ઈલેકટ્રીક ડી.પી.થી મેતપુર રોડ રેલ્વે ફાટક સુધી બંને સાઈડે ખુલ્લી જગ્યાનાં મંડપ બાંધે તેના દૈનીક દિન–૧ ના રહેશે. | એક ચોરસ ફુટે રૂા.૩–૫૦ |

| | | |
|---|---|---|
| (૨) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર રેલ્વે ફાટક સુધીના નાની મોટી ચકરડી વાળા પાસે ૧ (એક) દિવસના રોજના ઉચ્ચક | ૧– (એક) દિવસ રૂા.૧૦૦–૦૦ |
| (૩) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ. | ૧– (એક) દિવસ ઉચ્ચક ભાવો છે. |
| | (૧) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સાથેનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૬૦–૦૦ |
| | (૨) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સિવાયનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૩) પાણી પુરીની લારી (ખૂમચા) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૪) અન્ય પરચૂરણ લારીઓ જેવી કે સીંગદાણા, મમરા, કટલરી વિ. રોજના દિન–૧ (એક) ના | રૂા.૩૦–૦૦ |
| | (૫) આઈસ્કીમની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૫૦–૦૦ |
| | (૬) ઠંડા પાણીની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૧૦–૦૦ |
| (૪) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ પાથરણાં પાથરી ધંધો કરનાર દરેક પાસેથી એક ચોરસ ફુટનાં. | એક ચોરસ ફુટના રૂા.૩–૦૦ |

(૬) આ દિવાળી મેળો હંગામી ઈજારો દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી – ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હદ પુરતું મર્યાદિત રહેશે તેમાં ચકડોળ ગ્રાઉન્ડ – હંગામી ઈજારેદારના ક્ષેત્રમાં આવશે નહી

(૭) માદળા તળાવ પર આવેલ ત્રિકોણીયા પાસે આવેલ દુકાનો અંદર દારૂખાનાની – દુકાનની ઈજારદારના કાર્યક્ષેત્રમાં આવશે નહી જેનો અલગથી ઠરાવ કરવામાં આવનાર છે.

(૮) હંગામી ઈજારદારે શરતોનું ભંગ કરવામાં આવશે તો તે નગરપાલિકા ઈજારો રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૯) હંગામી ઈજારદારે હાથલારી, પાથરણા, સ્ટોલ ટ્રાફીકના નિયમોને અગ્રીમતા – આપવાની રહેશે તથા પબ્લીકને આવવા જવામાં કોઈપણ જાતની અડચણ રૂપ હશે તો નગરપાલિકા હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે ઉઠાવી શકશે. પરંતુ સદર

બાબતની જાણ જે તે હાથલારી, પાથરણા,સ્ટોલ વાળાને કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે હરાજીમાં સૌથી વધુ બોલી બોલનારને ઈજારો આપવો કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકા હસ્તક રહેશે.

(૧૧) ઉપરોકત નિયમોનાં અર્થઘટન અને અન્ય કોઈ નવા નિયમો નગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે તમામ બાબતો ઈજારેદારને બંધનકર્તા રહેશે અને આખરી નિર્ણય નગરપાલિકાનો જ માન્ય રહેશે.

(૧૨) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક – લાયસન્સ ફી થી ઉઘરાવવા માટેની આ સિવાય કોઈપણ શરત ઉમેરવાની થાય તો તે નગરપાલિકા ઉમેરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવી પડશે.

(૧૩) ફકત સરકારી અધિકારીશ્રી તરફથી અનિવાર્ય સંજોગોને કારણે કરફયુ જાહેર કરે તથા સરકારશ્રી તરફથી જે કોઈ હુકમ થાય તો તેવી પરિસ્થિતિમાં તે સમય (દિવસ) દરમ્યાનના નાણાં નગરપાલિકા કાપી આપશે. જેમાં ભરેલ રકમના જે તે દિવસ – બંધ રહેલ તેને ભાગતા જે રકમ આવશે તેને બાદ કરી આપવામાં આવશે.(કોઈપણ પક્ષ કે જાહેર જનતા વિગરે તરફથી આપેલ બંધનું એલાન કરવામાં આવશે તો તે દિવસ બાદ કરી આપવામાં આવશે નહીં.)

(૧૪) દિવાળી મેળા માટે હંગામી ઈજારો રાખનારે હરાજીની બોલીની રકમ હરાજીની તારીખથી દિન–૩ (ત્રણ)માં ૫૦% ટકા નાણાં જમા કરાવવાના રહેશે. બાકીની રકમ તારીખ.૨૫–૧૦–૨૦૧૬ સુધીમાં જમા કરાવવાના રહેશે. મુદત દરમ્યાન જો રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો હરાજીની ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. અને જો ભરપાઈ કરી દેવામાં આવશે તો ડીપોઝીટની રકમ ભરવા પાત્ર રકમમાં જમા આપવામાં આવશે.અને ડીપોઝીટની ભરેલ રકમ દિન–૧૦ પછી પરત આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૭**

**તારીખ. ૧૬–૦૯–૨૦૧૬**

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા હસ્તકની ગોપાલ ટોકીઝ સામે આવેલ ત્રિકોણીયા પાસે આવેલ જગ્યા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાક નપલ/૪૫૯૩/એમ.એલ.એ./૧૨/મ સચીવાલય ગાંધીનગરના તારીખ.૧૫–૦૯–૧૯૯૩ના ઠરાવથી માદળા તળાવનું આવેલ કુલ ક્ષેત્રફળ પૈકી ૧૭૮૩–૪૬–૫૩ ચોરસ મીટર જમીનનો ગુજરાત નગરપાલિકા અધિનિયમ –૧૯૬૩ની કલમ ૬૫(૨) અન્વયે વાણિજય હેતુ માટે જમીનનો ફેરફાર કરેલ હોય તે જમીન તારીખ.૧૫–૦૯–૧૯૯૩ થી આ જમીનનો હેતુ ફેર થઈ જવાથી તે તળાવની જગ્યા રહેલ નથી અને તે હુકમની સાથે મંજુર કરેલ નકશા મુજબ વર્તમાન દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે તે દુકાનો આમ માપમાં આવી જાય છે આ દુકાનોનું બાંધકામ ખંભાત નગર–પાલિકા દ્વારા કરવામાં આવેલ છે તે અંગે અપીલ અધિકારી અને નાયબ સચિવશ્રી (નગર પાલિકા) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સમક્ષની ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૬૪ હેઠળની રીવીઝન અરજી નંબર. ૦૯/૨૦૧૬ ચાલી ગયેલ છે અને તેનો હુકમ ક્રમાંક નપલ–૪૫૨૦૧૬–રી.વી.–મ તા.૧૫–૦૯–૨૦૧૬ ના રોજ હુકમ કરેલ છે જે હુકમની નોંધ લેવામાં આવે છે અને તે મુજબ આગળની ઘટતી કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૨૪૮**

**તારીખ. ૧૬–૦૯–૨૦૧૬**

આ ઠરાવ કરવામાં આવે છે કે નીચે જણાવેલ અરજદારોએ ખંભાત શહેરમાં જુદા જુદા વિસ્તારમાં દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી.મેળવવા અરજી આવેલ છે.

| અ.ન. | નામ | વેચાણ માટેનું | અરજી તારીખ. |
|---|---|---|---|
| ૧ | કલ્પેશભાઈ અરવિંદભાઈ ડબગર | શ્રી પ્રજાપતિ જ્ઞાતિ સમાજ ખંભાત વધારીયાવડ | ૨૦–૦૮–૨૦૧૬ |
| ૨ | ચંદુલાલ ચીમનલાલ ડબગર | ,, | ૨૯–૦૮–૨૦૧૬ |
| ૩ | શ્રી સ્વામીનારાયણ મંદિર નાના | ,, | ૦૮–૦૯–૨૦૧૬ |
| ૪ | મેનેજરશ્રી ધી ખંભાત મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. ખંભાત | મ્યુની. માદળા ગેસ્ટ હાઉસ શોપીગ સેન્ટર દુ.નં.૦૦૯૨/એ૧૮ | ૧૪–૦૯–૨૦૧૬ |

ઉપરોકત જણાવેલ અરજદારોને જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોથી એન.ઓ.સી.આપવા ઠરાવવામાં આવે છે.

(૧) દારૂખાનાના વેચાણ માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) સદર એન.ઓ.સી.તારીખ.૦૫–૧૧–૨૦૧૬ સુધી આપવામાં આવે છે.

(૩) અરજદારશ્રીએ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના દારૂખાનાના વેચાણથી તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ. ના વીજ જોડાણના નિયમો પાળવાનો રહેશે.

(૪) આગ અકસ્માતની તમામ જવાબદારી અરજદારની રહેશે.

(૫) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂપીયા.૫૦૦/–અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૯
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના તમામ ખાતાના રોજંદારી તમામ કર્મચારીઓના હાલ મળતા રોજના પગારમાં રૂપીયા. ૨૫/– અંકે રૂપીયા. પચ્ચીસ પુરાનો વધારો મંજુર કરવામાં આવે છે અને તમામ રોજંદાર કર્મચારીઓને દર વર્ષ પુર્ણ થાય ત્યારે એટલે કે આ ઠરાવની તારીખથી એક વર્ષ બાદ ૧૦ % ટકાનો વધારો કરી આપવાનો રહેશે અને સદર ઠરાવનો અમલ તારીખ.૦૧–૧૦–૨૦૧૬ના માસથી કરવાનો ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૦
## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ખંભાત શહેરમાં ગણપતિ મહોત્સવ ચાલે છે. આ બાબતે તા.૧૫–૦૯–૨૦૧૬ના રોજ ગણપતિ વિર્સજન યાત્રાઓ નીકળે છે. જેને નિયંત્રણ કરવા માટે શહેર પોલીસ વિભાગ તરફથી વાંસી બેરીકેટીગો (આડાશો) બનાવવાની સુચનાઓ આવે છે. આ બાબતે સદર વાંસની બેરીકેટીગ બનાવવાના કામગીરી કરાવવાના કામના ભાવપત્રકો મંગાવતા ત્રણ ભાવ પત્રકો આવેલ. આ બાબતે શ્રી પંકજભાઈ અરવિંદભાઈ ઠાકોરના એક સ્થળે બેરીકેટીગ બાંધવાના મંજુરી કામનો રૂા.૬૦૦/– પ્રમાણે સૌથી કમી ભાવ આવેલ છે. આ બાબતે પોલીસ વિભાગની માંગણી અનુસાર શ્રી પંકજભાઈ અરવિંદભાઈ ઠાકોર પાસે રૂા.૬૦૦/– પ્રતિ નંગ પ્રમાણે બેરીકેટીગ કામગીરી કરાવવા મંજુર તથા તે અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવા – ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી